**દિયોદર ના મહે. પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં,**
**દિયોદર, જી. બનાસકાંઠા**

## સ્પેશીયલ દિવાની મુકદમા નંબર. ૮/૨૦૨૦

**<u>આંક ૮૭ ની અરજી લગત હુકમ</u> :-**

૧. આ કામના પ્રતિવાદી નં.૧ નાએ તેમના વિધ્વાન વકીલ શ્રી મારફતે હાલની અરજી કરી આંક ૮૬ ના લીસ્ટથી રજુ કરેલ નિશાની ૮૬/૧ થી નિશાની ૮૬/૨૧ સુધીના તમામ દસ્તાવેજોને આંક આપવા અરજ કરેલ છે.

૨. સદર અરજી તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ તરફે વિધ્વાન વકીલ શ્રી. ડી. પી. ચૌધરી અને વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી. આર. એચ. ઠકકર ની રજુઆત સાંભળી.

૩. હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતાં જણાઇ આવે છે કે વાદીએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ જાહેરાત અને કાયમી મનાઇ હુકમ મેળવવા હાલનો દાવો કરેલ છે. આ કામે રેકર્ડ જોતાં હાલમાં સદર કામ પ્રતિવાદી નં.૧ અને ૨ ના પુરાવાના તબકકે ચાલી રહેલ છે અને આ કામે સદર પ્રતિવાદીઓ તરફે પ્રતિવાદી નં.૧ અમીતભાઇ શૈલેષકુમાર ઠકકર નાઓએ આંક ૮૪ થી પોતાનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને સદર સરતપાસના સોગંદનામા સાથે તેઓએ દસ્તાવેજી પુરાવા રજુ કરવા પરવાનગી માંગતા, અત્રેની અદાલત ધ્વારા પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓને હાલના કામે તેઓના પુરાવાના સોગંદનામા સાથે દસ્તાવેજી પુરાવા રજુ કરવા પરવાનગી આપવામાં આવેલ છે અને ત્યારબાદ પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ તરફે આંક ૮૬ ના લીસ્ટથી નિશાની ૮૬/૧ થી નિશાની ૮૬/૨૧ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે અને ત્યારબાદ હાલની અરજી કરી તેઓએ આંક ૮૬ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેમાં ખરી નકલો તથા કોમ્પ્યુટરાઇઝ કોપી હોવાનું અને તેઓએ રજુ કરેલ દસ્તાવેજોને પ્રતિવાદી નં.૧ નાએ તેમના સરતપાસના સોગંદનામામાં રીફર

કરેલ હોઇ અને સદર તમામ દસ્તાવેજો સરકારી રેકર્ડ હોઇ આંક ૮૬ ના લીસ્ટથી રજુ કરેલ નિશાની ૮૬/૧ થી નિશાની ૮૬/૨૧ સુધીના તમામ દસ્તાવેજોને પુરાવામાં ગ્રાહય રાખી આંક આપવા અરજ કરેલ છે.

૪. વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી. ઠકકરે પ્રતિવાદી નં.૧ નાએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓને આંક આપવા સામે પોતાનો વાંધો રજુ કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે આ કામે પ્રતિવાદી નં.૧ નાએ પોતાના સરતપાસના સોગંદનામા સાથે રજુ કરેલ કેટલાક દસ્તાવેજોને કાયદાની જોગવાઇઓ મુજબ આંક આપી શકાય તેમ ન હોવાની રજુઆત કરી પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ તરફે આંક ૮૬ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓને પુરાવામાં ગ્રાહય રાખી આંક આપવા સામે પોતાનો સખત વાંધો રજુ કરેલ છે.

૫. ઉભયપક્ષની રજુઆત સાંભળી. વાદીએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ જાહેરાત અને કાયમી મનાઇ હુકમ મેળવવા હાલનો દાવો કરેલ છે અને હાલમાં સદર કામ પ્રતિવાદી નં.૧ અને ૨ ના પુરાવાના તબકકે ચાલી રહેલ છે અને આ કામે સદર પ્રતિવાદીઓ તરફે પ્રતિવાદી નં.૧ અમીતભાઇ શૈલેષકુમાર ઠકકર નાઓએ આંક ૮૪ થી પોતાનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને ત્યારબાદ તેઓએ આંક ૮૬ ના લીસ્ટથી રજુ કરેલ નિશાની ૮૬/૧ થી નિશાની ૮૬/૨૧ સુધીના તમામ દસ્તાવેજોને આંક આપવા હુકમ કરવા હાલની અરજી કરેલ છે. આ કામે પ્રતિવાદીઓએ આંક ૮૬ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા તરીકે રજુ કરેલ દસ્તાવેજોને જોવામાં આવે તો તે મોજે ગામ દિયોદર ના ખાતા નં.૨૪૦ ના ગામ નમુના નં.૮.અ ની ખરી નકલ તેમ જ સરવે નં. ૨૬૦ પૈકી ૧ તથા સરવે નં. ૨૬૦ પૈકી ૨ વાળી જમીનોના ગામ નમુના નં.૭ અને ૧૨ ના ઉતારા ની ખરી નકલો તથા પાણી પત્રકના ઉતારા અને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૧૩૯/૧૯૮૩ ના લેખની ખરી નકલ રજુ કરેલ છે. વધુમાં પ્રતિવાદીઓ તરફે સદર દસ્તાવેજી પુરાવામાં હકક પત્રક ની નોંધ નં. ૭૩૫, ૧૨૩૯, ૧૪૯૯, ૧૫૭૨, ૧૭૪૭, ૨૭૨૩ ના ઉતારાની ખરી નકલો તેમ જ બીનખેતીના હુકમની નકલ અને બીન ખેતીના હુકમની નોંધ નં.૩૦૧૫ ની નકલ તથા હિસ્સા ફોર્મ નં.૪ ની નકલ અને ગ્રામ પંચાયતમાં વેરો ભર્યાની અસલ પહોંચ રજુ કરેલ છે. વધુમાં પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ

દસ્તાવેજી પુરાવામાં ડી.આઇ.એલ.આર. શ્રી નો તારીખ ૮.૧૧.૨૦૧૭ નો હુકમ તથા માપણી શીટની નકલ તેમ જ સરકાર શ્રીના તારીખ ૧૪.૩.૨૦૧૬, તારીખ ૧૭.૯.૨૦૧૬, તારીખ ૩૧.૧૨.૨૦૧૮ ના પરીપત્રોની કોમ્પ્યુટરાઇઝ નકલો તેમ જ પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ તારીખ ૮.૧૧.૨૦૧૭ ના હુકમ સામે કલેકટર શ્રી, બનાસકાંઠા સમક્ષ કરેલ કેવીયટ અરજીના કામે કલેકટર શ્રીએ તારીખ ૧૫.૧.૨૦૧૮ ના રોજ આપેલ જવાબની નકલ રજુ કરેલ છે અને તે તમામ દસ્તાવેજી પુરાવા હાલના દાવાના કામે અગત્યના પુરાવા રૂપે હોઇ અને તે તમામ દસ્તાવેજોને પ્રતિવાદી નં.૧ નાએ તેમના સરતપાસના સોગંદનામામાં રીફર કરેલ છે અને તે તમામ દસ્તાવેજી પુરાવા હાલમાં યોગ્ય હવાલામાંથી રજુ થયેલ હોવાનું જણાવી સદર ઉપરોકત તમામ દસ્તાવેજોને આંક આપવા અરજ કરવામાં આવેલ છે.

૬. આ તબકકે અત્રેની અદાલત નામદાર સુપ્રીમ કોર્ટના *બીપીન શાંતીલાલ પંચાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત* ના કેસમાં ૨૦૦૧ (૩) જી.એલ.આર. ૨૦૨૪ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદા ઉપર આધાર રાખે છે અને તે ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા આપેલ માર્ગદર્શક આદેશો ધ્યાને લેવામાં આવે તો સદર ન્યાયનિર્ણયમાં સ્પષ્ટ આદેશ આપવામાં આવેલ છે કે જ્યારે મૌખીક કે દસ્તાવેજી પુરાવા ગ્રાહય રાખવા બાબત વાંધો રજુ કરવામાં આવે ત્યારે કેસ ચલાવનાર અદાલતે તે વાંધાની નોંધ લઇ વાંધાવાળા દસ્તાવેજો ને કામચલાઉ રીતે આંક પાડવો તેમજ તે અંગેના વાંધાને કેસના આખરી તબકકે નકકી કરવા આદેશ આપેલ છે. હાલના કેસની હકીકતો જોવામાં આવે તો, હાલના કામે પ્રતિવાદી નં.૧ નાએ આંક ૮૬ ના લીસ્ટથી રજુ કરેલ નિશાની ૮૬/૧ થી નિશાની ૮૬/૨૧ સુધીના તમામ દસ્તાવેજો તકરારી જમીનના રેવન્યુ રેકર્ડ તેમ જ નકશો અને રેવન્યુ રેકર્ડમાં પડેલ નોંધોની નકલો છે અને રેકર્ડ જોતાં પ્રતિવાદી નં.૧ અને ૨ તરફે સદર દસ્તાવેજી પુરાવાની નકલો પોતાના લેખીત જવાબ સાથે રજુ કરેલ અને હાલમાં સદર દાવો પ્રતિવાદીઓના પુરાવાના તબકકે આવેલ છે અને સદર તમામ દસ્તાવેજોને પ્રતિવાદી નં.૧ નાએ પોતાના આંક ૮૪ ના સરતપાસના સોગંદનામામાં રીફર કરેલ હોવાનું સ્પષ્ટ જણાવેલ છે. આ કામે વાદીના વિધ્વાન વકીલ શ્રીએ ખાસ કરીને આ કામે પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ તરફે નિશાની ૮૬/૧૭ થી નિશાની

૮૬/૨૧ સુધીના દસ્તાવેજો કોમ્પ્યુટરાઇઝ નકલો હોઇ તેને આંક આપવા સામે પોતાનો વાંધો રજુ કરેલ છે, પરંતુ તે દસ્તાવેજોને પણ ધ્યાને લેવામાં આવે તો તે ડી.આઇ.એલ.આર. શ્રી નો તારીખ ૮.૧૧.૨૦૧૭ નો હુકમ તથા માપણી શીટની નકલ તેમ જ સરકાર શ્રીના તારીખ ૧૪.૩.૨૦૧૬, તારીખ ૧૭.૯.૨૦૧૬, તારીખ ૩૧.૧૨.૨૦૧૮ ના પરીપત્રોની કોમ્પ્યુટરાઇઝ નકલો તેમ જ પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ તારીખ ૮.૧૧.૨૦૧૭ ના હુકમ સામે કલેકટર શ્રી, બનાસકાંઠા સમક્ષ કરેલ કેવીયટ અરજીના કામે કલેકટર શ્રીએ તારીખ ૧૫.૧.૨૦૧૮ ના રોજ આપેલ જવાબની નકલ છે અને તે રીતે તે તમામ દસ્તાવેજો પણ સરકારી રેકર્ડનો ભાગ છે અને સરકાર શ્રી ધ્વારા જ્યારે જ્યારે કોઇ પરીપત્રો બહાર પાડવામાં આવે ત્યારે તેની નકલ સરકાર શ્રી ધ્વારા વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવતી હોય છે અને સદર પરીપત્રો ખોટા અને ઉપજાવેલ હોવા બાબતનો વાદીનો કોઇ કેસ નથી અને તે સંજોગોમાં આ કામે નિશાની ૮૬/૧૭ થી નિશાની ૮૬/૨૧ સુધીના દસ્તાવેજો કોમ્પ્યુટરાઇઝ નકલો હોવા માત્રથી પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહી તેવી વાદીના વિધ્વાન વકીલ શ્રીની દલીલ કોઇપણ સંજોગોમાં માનવાલાયક જણાતી નથી અને વાદી તરફે નિશાની ૮૬/૧૭ થી નિશાની ૮૬/૨૧ સુધીના દસ્તાવેજો કોમ્પ્યુટરાઇઝ નકલો પ્રતિવાદીઓએ ખોટી રીતે ઉપજાવી કાઢેલ હોવાની અને તે તમામ સરકાર શ્રીના રજુ કરેલ પરીપત્રો ખોટા અને બનાવટી હોવા બાબતની કોઇ તકરાર નથી પરંતુ માત્ર તે પરીપત્રો કોમ્પ્યુટરાઇઝ નકલો હોવા માત્રથી તેને આંક આપવા સામે પોતાનો વાંધો રજુ કરેલ હોઇ, વાદીના વિધ્વાન વકીલશ્રીએ લીધેલ વાંધો ટકવાપાત્ર ન હોઇ, તમામ હકીકતો અને સંજોગોને ધ્યાને લેતાં, આ કામમાં પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ તરફે રજુ કરવામાં આવેલ આંક ૮૬ ના લીસ્ટથી નિશાની ૮૬/૧ થી નિશાની ૮૬/૨૧ સુધીના તમામ દસ્તાવેજી પુરાવાઓ સરકારી રેકર્ડનો ભાગ હોઇ તે તમામ દસ્તાવેજી પુરાવાઓને આંક આપવા યોગ્ય, ન્યાયી અને વ્યાજબી જણાતું હોઇ, હાલની અરજી મંજુર થવા પાત્ર જણાતી હોઇ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# -: હુકમ :-

હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામે પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ તરફે આંક ૮૬ ના લીસ્ટથી રજુ કરવામાં આવેલ નિશાની ૮૬/૧ થી નિશાની ૮૬/૨૧ સુધીના તમામ દસ્તાવેજોને આથી આંક આપવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

આજ રોજ તારીખ. ૦૮ મી એપ્રીલ, ૨૦૨૫ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ. ૦૮/૦૪/૨૦૨૫

( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )
પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ
દિયોદર, જી. બનાસકાંઠા
Judge Code : GJ00572